# પ્રેસનોટ

## ખેલ મહાકુંભ ૩.૦

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજય સરકારશ્રીની સુચના મુજબ કામગીરી કરવામાં આવે છે. જેને લઇને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બહોળી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવે તથા ભાગ લે તે માટે મે. મ્યુનિ. કમિશનરશ્રી,સુરતની અધ્યક્ષતામાં તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ મીટીંગ યોજવામાં આવેલ હતી જેમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના પ્રતિનિધિ,યોગ બોર્ડના પ્રતિનિધિ,ક્રેડાઇ,વિવિધ યુનિર્વસીટીના પ્રતિનિધિ,જિલ્લા શિક્ષાધિકારી હાજર રહયા હતા અને તેઓને દરરોજ મહત્તમ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન સુનિશ્ચિત કરવા સુચના આપવામાં આવેલ.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા / ગ્રામ્ય તાલુકા / ઝોન કક્ષા જિલ્લા / મહાનગરપાલિકા કક્ષા ઝોન કક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળાકક્ષાએ વિવિધ વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાના રહેશે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા દર વર્ષે યોજાતા ખુલ મહાકુંભ માટે ૫ મી ડિસેમ્બર-૨૦૨૪ થી રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જે ૨૫ મી ડિસેમ્બર-૨૦૨૪ સુધી ચાલશે. આ સ્પર્ધા શાળા/ગ્રામ્ય,તાલુકા કક્ષા,જિલ્લા / મહાનગરપાલિકા અને રાજય કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ખેલ મહાકુંભ ૩.૦ માં અંડર-૯ થી અંડર-૧૭ સુધીના જૂથમાં તમામ સ્કુલોએ ભાગ લેવાનો રહેશે. કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ ઓનલાઇન અથવા કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. અભ્યાસ ન કરતા હોય તેવા ખેલાડીઓ જિલ્લાની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજુથમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલાડીઓ**https://khelmahakumbh.gujarat.gov.in**પર તા.૫ થી ૨૫ ડિસેમ્બર-૨૦૨૪ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન તા.૨૫ ડિસેમ્બરે સાંજે ૬.૦૦ વાગ્યે બંધ થઇ જશે. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઇ શકે છે. ખેલ મહાકુંભ ૩.૦ માં દોડ,વોલીબોલ,રસ્સા ખેંચ,ખો-ખો,કબડ્ડી,ચેસ,એથ્લેટીકસ,યોગાસન,સ્વીમીંગ,સ્કેટીંગ,ટેબલ ટેનીસ,લોન ટેનીસ,બેડમિન્ટન,જુડો,કુસ્તી,આર્ચરી,બાસ્કેટ બોલ,હેન્ડ બોલ,હોકી,ફૂટબોલ,ટેકવેન્ડો,કરાટે,આર્ટીસ્ટીક સ્કેટીંગ,રગ્બી,શુટીંગ બોલ,મલખમ્બ,સ્પોર્ટસ કલાઇમીંગ,રોલબોલ,સેપક ટકરાવ,ઘોડે સવારી,વુડ બોલ,બીચ હેન્ડબોલ,બીચ વોલીબોલ,સોફ્ટ ટેનીસ વિગેરે રમતોનું આયોજન કરવામાં આવશે. અંડર-૯,અંડર-૧૧,અંડર-૧૪ અને અંડર-૧૭ ગ્રુપના ખેલાડીઓએ જે તે સ્કુલમાંથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ કોલેજથી અથવા તો ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલ મહાકુંભ ૩.૦ માં અંડર-૯ થી ૬૦ વર્ષની ઉપરના વયગ્રુપમાં વિવિધ રમત-ગમતમાં રજીસ્ટ્રેશન કરી શકશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

.સમાચાર યાદી નં.૪૦૩ તા.૦૬/૧૨/૨૪